॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૦ | નવેમ્બર–ડિસેમ્બર ૧૯૮૯ | અંક ૩

## વાલીઓને.

**શાળાબંધના એલાન :–**

શિક્ષણ એ એવી પ્રક્રિયા છે કે જે બંધ થતાં તેનાથી શું નુકસાન થયું તે માપી શકાતું નથી............ તેમાંય તાત્કાલિક તો નહીં જ.

છેલ્લા કેટલાંક સમયથી શાળાઓ–શિક્ષણ સંસ્થાઓ બંધ રહે તે સામાન્ય થઈ પડયું છે અને કમનસીબે તેની સંવેદના જાણે કે સમાજમાંથી ચાલી ગઈ છે.

રાજકીય પક્ષો વારાફરતી સત્તા ઉપર આવે છે, અને એક પક્ષ બીજાની સામે બદલો લેવા–હિસાબ ચૂકવવા શાળાઓ બંધ કરાવે છે શાળાનું બંધ થવું તે સામાન્ય પ્રક્રિયા રહે છે. તાત્કાલિક તેનાથી થતું મોટું નુકસાન પણ દેખાતું નથી એ એક કમનસીબી છે આવી પ્રક્રિયાની અસર પંદરવીસ વર્ષે દેખાય છે, જ્યારે અધૂરો નાગરિક સમાજમાં કામ કરતો થાય છે ત્યારે.

આ તો વાસ્તવિકતાનું માત્ર ચિત્ર થયું, તેનો કોઇ ઉકેલ ખરો ?

જે પ્રશ્નો હોય, તેના માટે જો વિદ્યાર્થીઓ જવાબદાર ન હોય તો તેમને નુકસાન થાય એવું શા માટે બનવું જોઇએ ? આમેય ૮૦ દિવસની રજાઓ અને એટલી જ સંખ્યાના શનિ–રવિ તો અનધ્યયનના દિવસો હોવા ઉપરાંત પરીક્ષાના દિવસો, તેની પૂર્વ તૈયારીના નામે આવતા દિવસો પરીક્ષા પછી કેટલાક કિસ્સામાં પેપર તપાસવા માટેના દિવસો, સામાજિક મોભો ધરાવતા મહાનુભાવોના અવસાન નિમિત્તે જાહેર થતી રજાઓ, એમ અનધ્યયન માટેનું લીસ્ટ ઘણું મોટું છે.

બાળકને ભણાવવાના દિવસોમાં તેને ભણવાનું ન મળે તો તેમાંથી થતું નુકસાન ન માપી શકાય તેટલું મોટું છે. અનધ્યયનને રાષ્ટ્રીય અપરાધ માનવાનો સમય જેટલો વહેલો આવશે તેટલું આપણુ ભાવિ ઉજળું છે.

—હિનુભાઇના વંદન

## યાદગાર પ્રવાસ

પ્રકૃતિ સાથેનો વાસ એટલે પ્રવાસ. સૌ કોઈનું મન પ્રવાસનું નામ સાંભળતાં જ થનગની ઊઠે છે. દિવાળીની રજાઓમાં અમારે માટે રાજસ્થાનનો પ્રવાસ યોજવામાં આવ્યો, જેમાં ગિરિમથકો, ઐતિહાસિક સ્થળો વિ. બધા જ પ્રકારનાં સ્થળોનાં પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું; અને એટલે લગભગ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રવાસનો લાભ લીધો.

તા ૧૫મી ઑકટોબરનો દિવસ અમારે માટે ખૂબ આનંદનો દિવસ હતો. આગલી રાત્રિ શરદપૂર્ણિમાની રાત્રિ હતી અને એ દિવસે રાત્રે મોડે સુધી મજા કરી હતી છતાં હું સૌ પ્રથમ ઊઠી ગયો ને સમયસર તૈયાર થઈ ગયો. સવારના સાડા છ વાગે 'શારદામંદિરની જય' ના નાદ સાથે અમારો પ્રવાસ સમયસર ઉપડયો. બપોર સુધીમાં તો અમે શામળાજીનાં દર્શન કરી શ્રી આદીશ્વર ભગવાનનાં તીર્થ કેસરીયાજી પહોંચી ગયાં, જ્યાં દર્શન કરી હુ પાવન તો થયો જ પણ જ્યારે મને જાણ થઇ કે એ દહેરાસરમાં નાત-જાતનાં ભેદભાવ વિના સૌ કોઈ દર્શને આવે છે ત્યારે મને ખૂબ આશ્ચર્ય થયું. ભગવાન સૌના હૃદયમાં વસે છે.

ત્યાંથી અમે સરોવરની નગરી ઉદેપુર પહોંચ્યાં. જૂના જમાનાનાં રાજા રજવાડાઓનો વૈભવ જોઇ ખૂબ આશ્ચર્ય થયું. જાતજાતનાં બગીચા, ફુવારા, મ્યુઝીયમ, કઠપૂતળીનાં ખેલ વિ. ઘણું બધું જોયું અને માણ્યું. કમળતળાવનું સૌંદય અને ત્યાં આરસની કોતરણી અદભૂત હતાં. ત્યાંથી શ્રીનાથજી થઇને 'મૂછાળા મહાવીર' પહોંચ્યાં અને, ત્યાર બાદ અમે રાણકપુર પહોંચ્યા, રસ્તામાં એકલિંગજીમાં પણ દર્શન કર્યાં ૧૪૪૪ આરસના કલામય સ્તંભો પર બંધાયેલ રાણકપુરનું જૈન દેરાસર જોઇ, એ સ્થાપત્યકળા માટે મુખમાંથી 'વાહ વાહ'નાં ઉદ્દગાર સરી પડયાં.

અને પછી ત્યાંથી આબુ....ગિરિરાજ આબુનું તો કંઈ સૌંદર્ય જ જુદું છે. ત્યાંના કલાના બેનમૂન નમૂના જેવા દેલવાડાનાં દહેરાંને તો વર્ણવવા માટે શબ્દો શોધ્યાં જડતાં નથી.આબુમાં નખ્ખી તળાવ, અધ્ધરદેવી, અચળગઢ, સનસેટ પોઇન્ટ બધું જ જોયું, ને ત્યારબાદ ત્યાંથી અંબાજી,

અનુસંધાન પાન–૨ કોલમ–૨ ઉપર

# સલામતી કોના હાથમાં?

"અરે શિલ્પા! શું કરે છે તું? આ સહેજ વારમાં બચી ગઈ. હમણાં એવો મોટો એકસીડન્ટ થઈ જાત.... ખરી છે તું....એતો સારું થયું કે તું પડી ગઇ ત્યારે સામેથી એકકે ય બસ આવતી ન હતી. નહિ તો આજે તારા રામ જ રમી જાત... વાગ્યું છે? ચાલ આપણે દવા લગાડીને પછી નીકળીએ... હજી ઑફીસ ખુલ્લી હશે"

"ના, ના, જવા દે ને!....ચાલશે...ચાલને જલદી ઘેર પહોંચી જઈએ, આમતો કશું થયું નથી લાગતું.... હાશ બચી ગઇ. નહિ તો આજે તો મારું આવી જ બનત. એક ક્ષણ માટે તો હું એવી ગભરાઈ ગઈ....મને થયું બસ હવે હું ગઈ....સાચે જ મને ઈશ્વરે બચાવી નેહા.... મારા પગ ધ્રૂજે છે. હજી મને સખત ગભરાટ થાય છે. આપણે જલદી ઘેર પહોંચી જઇએ.

....ને એમ કહેતાં જ નેહા અને શિલ્પા ઘેર જવા નીકળ્યાં.

શાળા છૂટવાનાં સમયની આ લગભગ રોજની હકીકત છે. વિદ્યાર્થીઓને વાહન વ્યવહારનો ખ્યાલ રહે, તેઓ તેમની સલામતી માટે જાગૃત રહે તે માટે તેમને નાની ઉંમરથી જ વારંવાર સમજ આપવામાં આવે છે. આને માટે કયારેક ટ્રાફિક ટ્રેનિંગનું પણ આયોજન કરવામાં આવે છે. કારણ કે આજે નહિ તો કાલે, વિદ્યાર્થીએ વાહનોની ભીડમાંથી સહીસલામત રીતે રસ્તો કાઢતાં શીખવું જ પડશે.

ઉપરાંત શાળા છૂટવાનાં સમયે શાળાનાં ઝાંપે ઘણાં બધાં વાહનો ભેગાં થયેલાં હોય છે. રસ્તે જતાં બીજા વાહનોની અવરજવર પણ હોય, અને વળી શાળાનાં ઝાંપા પાસે જ મુખ્ય બસ સ્ટેન્ડ હોવાને કારણે બસોની અવર-જવર પણ રહે જ. આ બધી મુશ્કેલીને ધ્યાન પર લઈને જ શાળા છૂટવાનાં સમયે સાયકલ સાથે બહાર નીકળતાં વિદ્યાર્થીને રસ્તા ઉપર આવ્યાં પછીજ સાયકલ પર બેસવા જણાવવામાં આવ્યું છે. ઉપરાંત તેમની આ સલામતી જોખમાય નહિ તેનું ધ્યાન રાખવા ઝાંપા ઉપર પટાવાળાને પણ રાખવામાં આવે છે, કે જે વિદ્યાર્થીઓને સાયકલ પર બેસી ઝડપ સાથે બહાર રસ્તા ઉપર જતાં અટકાવે, પરંતુ શાળા છૂટતાંજ ઘેર જવાને અધીરાં બનેલાં એ વિદ્યાર્થીઓ આ કશાની પરવા કર્યા વિના જે રીતે બહાર નીકળે છે ત્યારે એમ થઈ જાય છે કે આ વિદ્યાર્થીઓ પોતાની જ સલામતીને જાણી બૂઝીને શા માટે હોડમાં મૂકતાં હશે?....

**ઊર્મિલા શાહ**

# પાંગરતી પ્રતિભા

## કુ. ચાંદની પટવા

આપણી શાળામાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી કુ. ચાંદની પટવા સ્કેટિંગના ક્ષેત્રે એક પછી એક ઝળહળતી સિદ્ધિઓ હાંસલ કરતી જ રહી છે, અને આ રીતે તે ફક્ત અમદાવાદ નહીં, ગુજરાત નહીં, પણ સારા ય ભારતનું નામ દેશવિદેશમાં રોશન કરી રહી છે.

જાન્યુઆરી ૧૯૮૯માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાયેલ નોન સ્ટોપ ઓપન સ્પર્ધામાં આ ૧૩ વર્ષની ચાંદની સતત ૩૮ કલાક સુધી સંગીતના તાલે પગમાં સ્કેટ્સ સાથે ઝૂમતી રહી, તેની એ તન્મયતાને માણવી એ પણ એક લ્હાવો હતો.

આ ઉપરાંત પણ તેણે સ્કેટિંગમાં અત્યાર સુધીમાં દેશવિદેશની સ્પર્ધાઓમાં ભાગ લઇને ૩૭ સુવર્ણચંદ્રકો ૧૮ રૌપ્યચંદ્રકો અને ૪ તામ્રચંદ્રકો પ્રાપ્ત કર્યા છે. સૂરત, અમદાવાદ, દિલ્હી, ચંદીગઢ, બેંગલોર, અને તે ઉપરાંત પરદેશમાં કોરિયા, ચીન વિ. સ્થળોએ પણ તેણે અનેક સ્પર્ધાઓમાં ભાગ લઇને ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે. માત્ર ૮ વર્ષની ઉંમરથી જ આવી સ્પર્ધાઓમાં ભાગ લેતી ચાંદની એક પછી એક સિદ્ધિનાં શિખરો સર કરતી જ રહી છે. યુવા સાંસ્કૃતિક કેન્દ્ર તરફથી તેને તેની આ સિદ્ધિ માટે વર્ષે રૂા. ૯૦૦ની સ્કોલરશીપ પણ મળે છે.

ચિ. બ્હેન ચાંદની હજી પણ વધુ ને વધુ પ્રગતિ સાધે તેવી શુભાશિષો અને શુભકામના. ઈશ્વર સદાય તેની એ પ્રગતિ અને પ્રતિભાને પાંગરતી જ રાખે.

---

યાદગાર પ્રવાસ અનુસંધાન પાન-૧ કોલમ-૨નું ચાલુ

અંબાજી માતાને ભાવપૂર્ણ રીતે પ્રણામ કરી અમે કુંભારિયાજી, ખેડબ્રહ્મા વિ. સ્થળોએ પણ દર્શન કર્યા, જોતજોતામાં તો ૧૯મી તારીખ કયારે આવી પહોંચી તેય ખબર ન પડી. પાંચ દિવસનાં આ પ્રવાસમાં માણેલી મઝા, તેમાંથી મળેલું જ્ઞાન અને જીવનઘડતરનું આ ભાથું કયારે ય વીસરી શકાય તેવું નથી. આ દિવસો દરમ્યાન શિક્ષકગણ તરફથી અને મારા વિદ્યાર્થી મિત્રો તરફથી હું જે પ્રેમ પામ્યો છું તેને પણ હું કેમ ભૂલી શકું?....

**વિશાલ કાપડીયા ધો ૭-અ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૭–૧૦–૮૯ને શનિવારનાં રોજ બાલમંદિરના બાળકોએ નવરાત્રી પર્વ ઉજવ્યું, જેમાં તેઓએ વિવિધતા ભર્યા ગરબાની રજૂઆત કરી. બેનોએ ચણીયા ચોળી અને ઓઢણીમાં સજ્જ થઇ દીવાનો ગરબો, રૂમાલનો ગરબો, રાસ વિ. ગરબા સુંદર રીતે રજૂ કર્યા અને ખૂબ આનંદ માણ્યો. બાળકોને આ માટે તૈયાર કરવામાં બેનોએ લીધેલ જહેમત દેખાઈ આવતી હતી.

નવેમ્બરમાં દિવાળીનાં એક માસનાં વેકેશન બાદ શાળા ખૂલતાં બાળકો ફરી પાછાં પ્રવૃત્તિમય બની ગયાં. ડિસેમ્બર માસમાં બાલમંદિરની તાલીમ મંડળીના બાળકોની રમતગમતની હરીફાઈ યોજવામાં આવી. હરીફાઈમાં વિજેતા નિવડનાર દરેક ટુકડીનાં પ્રથમ ત્રણ બાળકોને બિરૂદ આપવામાં આવશે

તા. ૧૬–૧૨–૮૯નાં રોજ તાલીમમંડળીનાં બાળકોએ ગીતાબાગ મ્યુનિ. ગાર્ડનનો પ્રવાસ પગપાળા કર્યો.

૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૦ને શનિવારનાં રોજ તાલીમમંડળીનાં બાળકોની વેશભૂષા હરીફાઈ યોજવામાં આવીછે.

અભિનંદન :– તાલીમ મંડળીની વિદ્યાર્થિની રાજવી પ્રશાંતભાઈ શાહે એલીસબ્રીજ જીમખાના ખાતે યોજાયેલ ઈન્ટરકલબ સ્વીમીંગ હરીફાઈમાં તૃતીય અને કરાટેની હરીફાઇમાં દ્વિતીય ઇનામો મેળવ્યા છે. ઉપરાંત તેઓએ કલબની સ્કેટીંગની હરીફાઈમાં પણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તે બદલ તેમને અભિનંદન.

### :– વાલીઓને વિનંતી :–

બાલમંદિરમાં આપનું બાળક કયા વર્ગમાં કયા શિક્ષક પાસે અભ્યાસ કરે છે તેની સંપૂર્ણ માહિતી આપની પાસે હોય તે ઇચ્છનીય છે. કારણ આપ ફી ભરવા આવો કે કયારેક અસાધારણ સંજોગો ઊભા થાય ત્યારે આ માહિતી ઘણી જરૂરી બની રહે છે. આ અંગે આપ જરૂરથી માહિતગાર રહેશો તેવી વિનંતી.

## શિશુમંદિર

**સ્પર્ધાઓ :– આરતી સ્પર્ધા તા. ૬–૧૦–૮૯**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | ઝલક શાહ | ७–ब | [મેઘનાદ] |
| દ્વિતીય | ચૈતાલી શાહ | ७–ब | [ગંગોત્રી] |
| | ભાવિન પટેલ | ७–अ | [ધવલગિરિ] |
| તૃતીય | સુજલ મુનશી | ७–अ | [મેઘનાદ] |
| | આનન કોન્ટ્રાકટર | ६–क | [ગંગોત્રી] |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા તા. ૧૨–૧૦ ૮૯**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | ખુશાલી શૈલેષભાઈ શાહ | ७–क | [ગંગોત્રી] |
| દ્વિતીય | રિષિતા સુતરીયા | ७–क | [મેઘનાદ] |
| તૃતીય | પ્રેરક શાહ | ७–क | [મેઘનાદ] |
| | ભાવિન પટેલ | ७–अ | [ધવલગિરિ] |

**રંગોળી સ્પર્ધા તા. ૨૦–૧૧–૮૯**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | રિષિતા સુતરીયા | ७–क | [મેઘનાદ] |
| દ્વિતીય | ચૈતાલી શાહ | ७–ब | [ગંગોત્રી] |
| | સુજલ મુનશી | ७–अ | [મેઘનાદ] |
| તૃતીય | મોના દેસાઈ | ७–अ | [ગંગોત્રી] |
| | જેની મોદી | ७–अ | [રત્નદીપ] |
| | ભાવિન પટેલ | ७–अ | [ધવલગિરિ] |

**ચિત્ર સ્પર્ધા તા. ૭–૧૨–૮૯**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | મૌલેશ પાઠક | ७–अ | [રત્નદીપ] |
| દ્વિતીય | સુનેન પંડયા | ७–ब | [ગંગોત્રી] |
| | ભાવિન પટેલ | ७–अ | [ધવલગિરિ] |
| તૃતીય | અંકુર શાહ | ७–क | [મેઘનાદ] |
| | શેતલ શાહ | ७–क | [ધવલગિરિ] |

રંગોળી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા આપનાર સંસ્થાના વાલીશ્રી ધર્મિષ્ઠાબેન ત્રિવેદી તથા આરતી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા આપનાર શ્રી અલકાબેન હવે તરફ આભારની લાગણી વ્યક્ત કરૂં છું, તે સાથે સૌ વિજેતા ભાઇબહેનોને અભિનંદન.

| | |
|---|---|
| વકતવ્ય :– ૧૯–૧૧–૮૯ | શ્રી ઇંદીરા ગાંધી |
| ૨૯–૧૧–૮૯ | શ્રી ઠક્કર બાપા |
| ૧–૧૨–૮૯ | શ્રી કાકા કાલેલકર |

**ઉત્સવોની ઉજવણી :–**

તા. ૫–૧૦–૮૯નાં રોજ નવરાત્રી પર્વ નિમિત્તે ધો. ૫ થી ૭નાં ભાઇબહેનોએ નૃત્ય, રાસ, ગરબા, હીંચ વગેરે રજૂ કર્યા; રંગબેરંગી સુંદર વસ્ત્રોમાં સજ્જ થઇ માથે જવારા લઇ ગરબે ઘૂમવાનો આનંદ માણ્યો.
ધોરણ ૧ થી ૪નાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે તા. ૭–૧૦–૮૯ નાં રોજ નવરાત્રી ઉત્સવ ઉજવવામાં આવ્યો, જેમાં રાસ ગરબા, આરતી, ધૂન વિ. રજૂ કરવામાં આવ્યાં.

**ગાંધી જયંતિ સપ્તાહ :–**

તા. ૩–૧૦–૮૯ થી ગાંધી જયંતિ સપ્તાહ ઉજવાયું, જે દરમ્યાન ગાંધીજીનાં જીવનનાં પ્રેરક પ્રસંગો તથા ભજન તથા ધૂનનાં કાર્યક્રમો યોજાયાં.

**પ્રવાસ :–**

તા. ૧૫–૧૦–૮૯ થી ૧૯–૧૦–૮૯ દરમ્યાન ધો. ૫ થી ૭ નાં લગભગ ૨૫૦ વિદ્યાર્થી ભાઇબહેનોએ રાજસ્થાનનો પ્રવાસ માણ્યો.

**અભિનંદન :-**

ધો. ૪ બનાં કુ. અર્પી સ્નેહલભાઈ શાહે જાપાન ખાતે યોજાયેલ બાલ કલ્યાણ સંઘ યોજીત ચિત્ર સ્પર્ધામાં સર્ટીફીકેટ મેળવ્યું છે, તે માટે તેમને અભિનંદન.

ચિ. રાજીક ઉદયનભાઇ ઝવેરી તથા ચિ. મિહિર સ્નેહલભાઇ શાહ સુંદરવન ખાતે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં અનુક્રમે ત્રીજું અને આશ્વાસન ઈનામ મેળવે છે, તે માટે તેમને અભિનંદન.

તા. ૧૪-૧૧-૮૯નાં રોજ નહેરૂદિન નિમિત્તે પી.આર.એલ. માં યોજાયેલ સ્પર્ધામાં ધો.૬ કનાં કુ.વિરાજ અક્ષયકુમાર શાહ ૪૦૦ મીટર ઓપન રેસમાં બીજુ ઈનામ મેળવે છે. તે માટે તેમને અભિનંદન.

તા. ૧૫-૧૨-૮૯નાં રોજ કુ. મિલાની ફોજદાર નોર્થ અમદાવાદ જુનિયર ચેમ્બર તરફથી યોજાયેલી તત્કાલ ચિત્ર સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરે છે તે માટે તેમને અભિનંદન.

## વિનયમંદિર

તા ૧૩-૯-૮૯નાં રોજ પ્રો. વાસુદેવભાઇ પાઠકે વિદ્યાર્થીઓ સમક્ષ 'ગુરુ શિષ્યનાં આદર્શ સંબંધો' વિષય ઉપર પ્રેરક પ્રવચન આપ્યું.

તા. ૨૯-૯-૮૯નાં રોજ સંસ્થાની ઇન્ટરેકટ કલબનાં ઉપક્રમે 'કાવ્યનો રસાસ્વાદ' વિષય ઉપર જાણીતાં સાહિત્યકાર શ્રી ચંદ્રકાંતભઈ શેઠનું પ્રવચન યોજાયું.

તા. ૪-૧૦-૮૯નાં રોજ ઇન્ટરેકટ કલબનાં ઉપક્રમે 'પ્રશ્નોત્તરી'નો કાર્યક્રમ યોજાયો.

તા. ૧૧-૧૦-૮૯નાં રોજ પ્રો. મહેશભાઇ ઠાકરે 'શિક્ષણમાં નીતિમત્તાનું મહત્ત્વ' વિષય પર પ્રવચન આપ્યું

તા. ૧૫-૧૧-૮૯નાં રોજ 'રામાયણ'માં કુંભકર્ણનું પાત્ર ભજવનાર ગુજરાતનાં જાણીતા કલાકાર નલીનભાઇ દવેએ અભિનય તથા ટેકનીક અંગેની નિદર્શન સાથે વિગતો રજૂ કરી.

તા. ૬-૧૨-૮૯નાં રોજ પ્રો. શશીકાંત યાજ્ઞિકે જીવનમાં ઉદારતાની મહત્તા' વિષે પ્રવચન આપ્યું.

તા. ૧૫-૧૨-૮૯નાં રોજ ઇન્ટરેકટ કલબનાં ઉપક્રમે જાણીતાં સાહિત્યકાર અને ગુજરાત સાહિત્ય પરિષદના ઉપાધ્યક્ષ પ્રો. વિનોદભાઈ અધ્વર્યુને હસ્તે ચિત્ર અને નિબંધ સ્પર્ધાઓનાં વિજેતાને ઇનામો અર્પણ થયાં અને ત્યારબાદ તેમણે ઇન્ટરેકટ કલબના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન કર્યું.

**પ્રવાસ** :- દિવાળીની રજાઓ દરમ્યાન તા. ૧૫-૧૦-૮૯ થી તા. ૧૯-૧૦-૮૯ સુધી ધો. ૮, ૯નાં લગભગ ૧૫૫ વિદ્યાર્થીઓએ જેસલમેરનો પ્રવાસ કર્યો.

**સ્પર્ધાઓ** :- દિવાળીની રજાઓમાં જેસલમેરનાં પ્રવાસે ગયેલાં વિદ્યાર્થીઓએ ત્યાં પાડેલી તસવીરોનું પ્રદર્શન અને સ્પર્ધા તા. ૩૦-૧૧-૮૯થી યોજવામાં આવ્યું. જેમાં નિર્ણાયક તરીકે સેવા આપનાર ગુજરાતનાં ખ્યાતનામ તસવીરકાર **શ્રી પ્રાણલાલ પટેલ** તથા ગુજરાતનાં ખ્યાતનામ કલાકાર અને વાલી **શ્રી રજનીભાઇ** વ્યાસ તરફ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

આ સ્પર્ધામાં વિજેતા નિવડનાર નીચે પ્રમાણે ભાઈબેનોને તે માટે યોજાયેલ સમારંભનાં મુખ્ય અતિથિશ્રી **એસ્થરબેન ડેવિડ** (ગુજરાત રાજય લલિતકલા અકાદમીનાં ઉપાધ્યક્ષશ્રી) નાં શુભ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં વિજેતા નીવડનાર નીચેના વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન.

પ્રથમ-રાની દવે દ્વિતીય-દર્શીની પરીખ તૃતીય-નિયતી દલાલ, કૃષ્ણકાંત શાહ રિકીન શાહ, બ્રિજેશ જોષી

ઈન્ટરેકટ કલબનાં ઉપક્રમે ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા યોજવામાં આવી. જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ વિજેતા નીવડયાં છે.

**ચિત્રસ્પર્ધા** :- પ્રથમ - ફડીયા અમીષા ૯અ
દ્વિતીય - દેસાઈ આશીષ ૯અ દેસાઇ ક્રિષ્ના ૯અ
તૃતીય - દોશી શ્રુતિ ૮અ દેસાઈ શીલ ૮અ

**નિબંધ સ્પર્ધા** :- પ્રથમ - ચુડાસમા નિશિથ
દ્વિતીય - વ્યાસ ભાવિક મહેતા ચિંતન
તૃતીય દલાલ સજની શાહ શિલ્પી

તા. ૧-૧૦-૮૯નાં રોજ World wide Fund For Nature નાં ઉપક્રમે અટીરા ઓડીટોરીયમમાં યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં સંસ્થાનાં વિદ્યાર્થી ભાઇ માસૂમ રાજ પ્રથમ વિજેતા નિવડયાં તે માટે તેમને અભિનંદન.

તા. ૨૫-૯-૮૯નાં રોજ મુંબાઈ જૈન સોશ્યલ ગ્રુપ તરફથી યોજાયેલ કવિ સંમેલનમાં ધો. ૮ અનાં દર્શ દવેએ છટાદાર રીતે તેમની રચના રજૂ કરી પ્રશંસા મેળવી તે બદલ તેમને અભિનંદન.

તા ૧૫-૧૨-૮૯નાં રોજ નોર્થ અમદાવાદ જુનિયર ચેમ્બર તરફથી યોજાયેલ તત્કાળ ચિત્ર સ્પર્ધામાં કુ. કૃષ્ણા દેસાઈ પ્રથમ આવી પારિતોષિક પ્રાપ્ત કરે છે તે માટે અભિનંદન.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૪૧૨૭૮૮